# બાયડ બેઠક માટે ભાજપ એડીચોટીનું જોર લગાવે છે

બાયડ, તા. ૧૪

બાયડ વિધાનસભા પેટા ચૂંટણીનો જંગ પરાકાષ્ટએ છે. ભાજપ, કોંગ્રેસ અને એન.સી.પી.ના ઉમેદવાર ચૂંટણી જંગ જીતવા માટે મત વિસ્તાર ખૂંદી જોર લગાવી રહ્યા છે, ત્યારે આજે બાયડના સાઠંબા ખાતે ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી સહકાર સંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા. બાયડ વિધાનસભા સીટના ઈચાર્જ અને ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા પણ



રહ્યા છે. ભાજપ બાયડ બેઠક પર વિજય મેળવવા પાયાના કાર્યકરો અને વિવિધ મોરચાને મેદાનમાં ઉતારી ડોર ટુ ડોર પ્રચાર આરંભી દીધો છે. ભાજપના ઉમેદવાર ધવલસિંહ ઝાલા સામે છૂપો રોષ પ્રવર્તી રહ્યો છે. ભાજપ આ બેઠક કબ્જે કરવાની જવાબદારી ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાને સોંપી છે. બાયડ મત વિસ્તારમાં ભાજપ પ્રદેશ અગ્રણીઓની સતત જાહેરસભાઓ સંબોધી રહ્યા છે. સાઠંબા ખાતે યોજાયેલ સહકારી સંમેલનમાં પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ હાજરી આપી બાયડની પ્રજા ભાજપ સાથે હોવાની સાથે કોંગ્રેસ પર આકારા પ્રહારો કર્યા હતા.

અરવલ્લી જિલ્લામાં બાયડ વિધાનસભાની પેટા ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે બાયડ બેઠક કબજે કરવા રાજકીય પક્ષો એડીચોટીનું ઉપસ્થિત રહ્યા હતા. સાબરકાંઠા સંસદ દીપસિંહ રાઠોડ, સાબરડેરી ચેરમેન શામળભાઈ, સાબરકાંઠા બેન્કના ચેરમેન મહેશભાઈનું સન્માન કરાયું હતું. આ સંમેલનમાં બાયડ બેઠકના ભાજપના ઉમેદવાર ધવલસિંહ ઝાલા પણ ઉપસ્થિત રહ્યા હતા, જેથી સહકારી સંમેલન રાજકીય સંમેલનમાં ફેરવાયું હતું. પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે કોંગ્રેસના કાંગરા ખરી પડ્યા છે કોંગ્રેસનો ઉમેદવાર પણ એકલો અટૂલો પડી ગયો છે. કોંગ્રેસમાં લોકોને ગૂંગળામણ થાય છે જેથી ત્યાંથી ઠેકડો મારીને ભાજપમાં હજારોની સંખ્યામાં આવે છે. બાયડ વિધાનસભામાં કોંગ્રેસ ગાંડા બાવળ જેવી છે જેને બાયડની જનતા ઉખાડીને ફેંકી દેશે. કોંગ્રેસ સ્ટ્રેચર પર છે.

## બાયડ વિધાનસભામાં કોંગ્રેસમાં ભાજપે વધુ એક મસમોટું ગાબડું પાડવામાં સફળ

સાઠંબા ખાતે ભાજપ પ્રદેશ જીતુ વાઘાણીની ઉપસ્થિતિમાં યોજાયેલ સહકાર સંમેલનમાં બાયડ તાલુકા યુથ કોંગ્રેસ પ્રમુખ જયદીપસિંહ ઝાલા, માલપુર તાલુકા યુથ કોંગ્રેસ પ્રમુખ જસવંતસિંહ ખાંટ, બાયડ તાલુકા સભ્ય જસવંતસિંહ પરમાર, યુથ કોંગ્રેસ મીડિયા સેલ પ્રવિણસિંહ ખાંટ, ભરતસિંહ ખાંટ, સુનિલસિંહ સોલંકી, મહેન્દ્રસિંહ પરમાર, મહેન્દ્રસિંહ ઠાકોર, સુનિલસિંહ સોલંકી, ભાવેશભાઈ, સમીરભાઈ, પૃથ્વીસિંહ બારીયા, રાહુલસિંહ, મહેન્દ્રસિંહ, પ્રવીણસિંહ, બળદેવભાઈ, વિનોદભાઈ, દિલીપસિંહ સહિત ૨૦૦થી વધારે કાર્યકર્તાઓ કોંગ્રેસનો સાથ છોડી ભાજપમાં જોડાયા હોવાનું બાયડ વિધાનસભા બેઠકના ઉમેદવાર ધવલસિંહ ઝાલાએ જણાવ્યું હતું.

# મોરબી હત્યા અને ફાયરીંગ કેસનો આરોપી ફરાર થયો

અમદાવાદ, તા.૧૪

સુરેન્દ્રનગર જિલ્લાના મોરબીના ચકચારી ફાયરીંગ કરી હત્યા નીપજાવવાના કેસના આરોપી હિતેન્દ્રસિંહ ઉર્ફે હિતુભા ઝાલા પોલીસની કસ્ટડીમાંથી આજે વહેલી સવારે નાસી છૂટતાં ભારે ચકચાર મચી ગઈ હતી. આજે મોરબી કોર્ટમાં તેની મુદત હોવાથી પોલીસ જાપ્તાની ટીમ મોરબી લઈ જવા નીકળી હતી ત્યારે ધ્રાંગધ્રા ઓનેસ્ટ હોટલ પાસે ટીમે હોલ્ટ કર્યો હતો, તે દરમ્યાન આરોપી હિતુભા ઝાલા પોલીસને થાપ આપીને નાસી છૂટ્યો હતો. આરોપીને પકડવા માટે પોલીસે સમગ્ર જિલ્લામાં નાકાબંધી કરી હતી, તેમજ સ્થાનિક પોલીસ તેમજ અને જિલ્લા એલસીબી સહિતની પોલીસને જાણ કરવામાં આવી હતી. બીજીબાજુ, આ પ્રકરણમાં લાપરવાહી દાખવનાર પોલીસ કર્મચારીઓ પર પણ શિક્ષાત્મક કાર્યવાહીના પગલાં તોળાઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બર-૨૦૧૮માં મોરબીના કાલિકા પ્લોટમાં જૂની અદાવતમાં આરિફ મીર પર હિતુભા ઝાલા સહિતના સાગરીતોએ ૨૦થી વધુ રાઉન્ડ ફાયરીંગ કર્યું હતું. જેમાં આરિફ મીર ઘવાયો હતો, જ્યારે ૧૩ વર્ષના વિશાલ બાંભણીયાનું મોત થયું હતું. આ ઘટનામાં એક કિશોરીને પણ ઈજાઓ થઈ હતી. એસ.પી.રિંગ રોડ પર શાંતિપુરા ચોકડી આસપાસ ફરાર આરોપીઓ હોવાની બાતમી એટીએસની ટીમને મળતા હિતુભા ઝાલા સહિતના આરોપીઓને બે મહિના પહેલા પકડ્યા હતા.

### મહત્ત્વની બેઠક... ● છેલ્લા પાનાનું ચાલુ

ટેન્ડરને પણ બહાલી આપવામાં આવશે. આ ઉપરાંત સિવીલ યુનિટ રેટ અંગેના ટેન્ડર તેમજ જ રોડની સેન્ટ્રલ વર્જ પર ચેઈન લીંક ફેન્સીંગ કરવાના ટેન્ડરને પણ બહાલી આપવામાં આવશે.

મહાનગરપાલિકાની આજની સ્થાયી સમિતિની બેઠકમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સના અમલીકરણ અંગે સેગ્રીગેશન ટ્રોમીલ નાખવાને લઈ પણ ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે.

શહેરમાં વોર્ડ નં. ૩ની યોજાયેલ પેટા ચુંટણીના ખર્ચને પણ આજની બેઠકમાં બહાલી આપવામાં આવશે.

દિપાવલી પર્વ પહેલાં સ્થાયી સમિતિની અંતિમ બેઠક હશે આ પર્વોત્સવ પછી બીજી બેઠક મળશે જેમાં વિકાસના કામો સહિતના નવા મુદ્દાઓ હશે તેમ આ સૂત્રોએ જણાવ્યું છે.

### સરકારી મકાનો... ● છેલ્લા પાનાનું ચાલુ

જયારે જુના અને જર્જરિત આવાસો તોડીને તેના સ્થાને નવી ટાવર કોલોનીનુ પણ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. સે-૭.સે-૨૯ અને સે-૩૦ માં નવા મકાનો તૈયાર કરી દેવાયા છે. જયારે આ મકાનો પૈકી સે-૭ અને સે-૨૯ માં કર્મચારીઓના પરિવારજનોનો વસવાટ પણ શરૂ થઇ ગયો છે. બીજીતરફ સે-૬ માં પણ નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે હાલ ૧૪૭૧૯ પૈકી ૧૮૯૭ મકાનો રીનોવેશન હેઠળ છે. જયારે ૩૮૦૦ જેટલા મકાનો ભયજનક સ્થિતિમાં છે. અલબત્ત રહેણાંકને લાયક નથી જેના લીધે આગામી દિવસોમાં તબક્કાવાર મંજુરીના અંતે સેકટરોમાં સ્થિત ૩૮૦૦ જેટલા મકાનોનો કડુસલો બોલાવાશે. હાલ પાટનગર યોજના વિભાગ સરકારી આવાસો ખાલી કરાવાની પ્રક્રીયા હાથ ધરી છે. ૩૮૦૦ નિકાલ હેઠળના મકાનો પૈકી ૨૨૦૦ જેટલા મકાનોમાં રહીશો છે. જયારે આ મકાનો ખાલી કરાવાયા બાદ તબક્કાવાર આવાસો તોડવાનુ કામ હાથ ધરાશે.

### ધોવાયેલા માર્ગોનું... ● છેલ્લા પાનાનું ચાલુ

પડતી હાલાકી નિવારવા માટે પ્રથમ તબક્કામાં માર્ગોનુ પેચવર્ક હાથ ધરવા માટે ઉચ્ચકક્ષાએથી મળેલી સુચના મુજબ શહેર તેમજ જિલ્લાના વિવિધ માર્ગોનુ પેચવર્ક હાથ ધરાયુ હતુ. આ દરમિયાન જિલ્લાના વિવિધ માર્ગોને ટ્રાફિકની અવરજવર માટે યોગ્ય કરવા જરૂરી પેચવર્ક હાથ ધરવામાં આવ્યુ હતુ. પાટનગર યોજના વિભાગના ડિવીઝન ૩ હસ્તકના જિલ્લાના તમામ માર્ગોનુ પેચવર્ક કરી દેવાયુ છે. જેમાં અંદાજિત ૫૦૦ કી મી ના રોડ નેટવર્ક પર જરૂરી પેચવર્ક કરી દેવાયુ છે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૭૦ લાખનો ખર્ચ કરાયો છે. આગામી દિવસોમાં જિલ્લાના બાકી કામો પણ હાથ ધરાશે. જે અન્વયે માર્ગોની સુધારણા અને વાઇડનીંગના કામો પણ શરૂ કરી દેવાશે. આ ઉપરાંત માર્ગોને થર્મોપ્લાસ્ટના પટ્ટા કરવા સહીત ટ્રાફિકને અનુરૂપ ફર્નિચરનુ કામ પણ કરવામાં આવશે.

# ઘર આંગણે જ રોજગારીની વ્યાપક તકો ઉપલબ્ધ બનશે

મહેસૂલ મંત્રી કૌશિક પટેલે જણાવ્યું છે કે, રાજ્યમાં લોજીસ્ટીક સેકટર, માઈનીંગ સેકટર તથા આઈ.ટી. અને આઈ.ટી. બેઈઝ્ડ ઉદ્યોગોનો વ્યાપ વધે અને યુવાનોને વ્યાપક રોજગારી મળી રહે તે માટે વિવિધ વિભાગો સાથે પરામર્શમાં રહીને આ ક્ષેત્રોને બોનાફાઈડ ઈન્ડસ્ટ્રીઝ (ઉદ્યોગ)નો દરજ્જો આપવાનો વિજય રૂપાણીના નેતૃત્વવાળી રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. મહેસૂલ મંત્રી પટેલે ઉમેર્યુ કે, દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડિઝીટલ ઈન્ડિયાના નિર્માણનું સ્વપ્નું સેવ્યું છે તેને સાકાર કરવા માટે ઝડપી વિકાસ માટે ઝડપી પ્રજાલક્ષી નિર્ણયો લેવા માટે પ્રેરિત કરતા રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે મક્કમ નિરધાર કર્યો છે. રાજ્યમાં આઈ.ટી. અને આઈ.ટી. આધારીત ઉદ્યોગો વધે તથા લોજીસ્ટીક ક્ષેત્ર તથા માઈનીંગ ક્ષેત્રમાં વિકાસની તકો વધે તે માટે નક્કર આયોજન કર્યું છે. તેમણે ઉમેર્યું કે, 'ડિજિટલ ઈન્ડિયા' તેમજ 'ડિજિટલ ગુજરાત' ના નિર્માણમાં આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ. (આઈ.ટી. એનેબલ્ડ સર્વિસીઝ) ક્ષેત્રોનું અમૂલ્ય પ્રદાન છે.

# ડીસામાં મહાકવિ વાલ્મિકી ઋષિની જન્મ જયંતિ ઉજવાઈ

ડીસા, તા. ૧૪

ડીસામાં વસતા વાલ્મિકી સમાજની રવિવારે ડીસાના સાંઈબાબા મંદિર ખાતે એક બેઠક મળી હતી જે પ્રસંગે મહા કવિ મહર્ષિ વાલ્મિકી ઋષિજીની જન્મ સન્માનિત કરવામા આવ્યાં હતા તેમજ વાલ્મિકી મહારાજના જીવન વિશેના પુસ્તકનું પણ વિમોચન કરવામાં આવ્યુ. આ બેઠકમાં વાલ્મિકી સમાજના આગેવાનો દ્વારા સામાજિક, આર્થિક, શૈક્ષણિક,



જયંતિની ઉજવણી કરવામાં આવી હતી અને ડીસા સમાજના પ્રમુખ કિશોરભાઈ ચૌહાણની અધ્યક્ષતામાં યોજાયેલ આ કાર્યક્રમ ડીસા શહેર વાલ્મીકિ યુવા સંગઠન દ્વારા યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે બેઠકમાં ઉપસ્થિત ડીસા વાલ્મિકી સમાજના આગેવાનોને ફૂલહારથી વ્યસન મુક્તિ તેમજ સરકારી લાભો અંગેની ચર્ચા કરવામાં આવી તેમજ બ્લડ ડોનેશન કેમ્પ, ચોપડા વિતરણ, સમૂહ લગ્નની સમાજના આગેવાનો દ્વારા સમજણ આપવામા આવી તેમજ સમાજના આગેવાનો પ્રમુખ અને સૌ મંત્રીઓનુ અભિવાદન સન્માન કરવામાં આવ્યુ હતું.



## ડીસા સિવિલમાં ૫૦થી વધુ દિવ્યાંગ સર્ટીફિકેટનું વિતરણ

જિલ્લા કલેક્ટરના આદેશ અનુસાર બનાસકાંઠા જિલ્લામાં દિવ્યાંગોને સર્ટીફીકેટ આપવાના કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે જે અંતગર્ત ડીસા સિવિલ હોસ્પિટલમાં સોમવારે દિવ્યાંગો માટે કેમ્પ યોજાયો હતો, જેમાં તાલુકાના છેવાડાના ગામોમાં રહેતા અનેક દિવ્યાંગોને જરૂરી પ્રમાણપત્ર કઢાવવામાં ખુબ જ તકલીફોનો સામનો કરવો પડતો હતો. તેમજ દૂર દૂરના ગામડાઓના દિવ્યાંગ ભાઈ બહેનોને દર બુધવારે પાલનપુર દિવ્યાંગ પ્રમાણપત્ર કઢાવવા જવું ખૂબ જ મુશ્કેલ હતું. પરંતુ સરકાર દ્વારા તમામ દિવ્યાંગને પોતાના તાલુકા મથકોએ જ એક સ્થળે પ્રમાણપત્ર મળી રહે તે હેતુથી તાલુકાવાઈઝ દિવ્યાંગ પ્રમાણપત્રના કેમ્પ યોજવામાં આવી રહ્યા છે તેવી રીતે તા. ૧૪-૧૦-૨૦૧૯ના રોજ ડીસા સિવિલ ખાતે પણ દિવ્યાંગ સર્ટિફિકેટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં દીવ્યાંગોએ પ્રમાણપત્ર કઢાવ્યા હતા. જેમાં ૫૦થી વધુ દિવ્યાગના સર્ટીફિકેટ માટે ઓનલાઈન અરજી કરવામાં આવી હતી.

### હલ્લાબોલ... ● છેલ્લા પાનાનું ચાલુ

અધિકારીઓ મગનું નામ મરી પાડવા તૈયાર ન હતા. જયારે ઓફિસમાં પહોંચી ગયેલા કેટલાક ઉમેદવારોએ પોતાની લેખિત અરજી અધિકારીઓને આપીને રજુઆત કરી હતી. જેમાં બિન સચિવાલય કલાર્કની પરિક્ષામાં શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૨ પાસ રાખવા માટે જણાવ્યું છે. જયારે ઉમેદવારોના ધસારાને પહોંચી વળવા માટે મંડળ દ્વારા તાત્કાલીક પોલીસ કાફલો બોલાવી દીધો હતો. તો બીજીતરફ પસંદગી મંડળની ઓફિસના ગેટને પણ લોક મારી દીધુ હતુ. જેથી ઉમેદવારો અંદર ઓફીસ સુધી પ્રવેશી શક્યા ન હતા. કલાર્કની પરિક્ષા રદ અને સ્નાતક સુધીનો અભ્યાસ ક્રમ કરવામાં આવે તો કેટલાક ઉમેદવારોને અન્યાય થાય તેમ છે. આ નિર્ણયને પગલે સખત મહેનત કરતા ઉમેદવારના ભવિષ્ય ઝોખમમાં મુકાય તેમ છે. છેલ્લા એક વર્ષથી તમામ કામકાજ છોડીને કારક્રિર્દી ઉજવળ બને તે માટે પ્રયત્નો કરી રહયા છે. ત્યારે સરકારના લઘુતમ શૈક્ષણિક લાયકાતના નિર્ણયથી કેટલાક યુવક-યુવતિઓના સરકારી નોકરી મેળવવાના સ્વપ્ન તુટશે. ત્યારે આ અંગે રાજયની ગતિશીલ સરકારના મુખ્યમંત્રી દ્વારા તમામ ઉમેદવારોના હિતમાં નિર્ણય કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

### રૂલ્સનો અમલ... ● છેલ્લા પાનાનું ચાલુ

કાયદાઓના અસરકારક મોનીટરીંગ માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની જવાબદારી વિશે તેઓને જાગૃત કરવામાં આવે તેમ પણ કહ્યુ હતુ. તેમણે કહ્યુ કે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ઉદાસીન વલણ દાખવે તે યોગ્ય નથી. તેમણે ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટનો પણ યોગ્ય નિકાલ થાય તે જોવા આગ્રહ કર્યો હતો. જિલ્લામાં જે વૉટર બોડીઝ આવેલ છે તે સ્વચ્છ રહે અને ભૂગર્ભ જળ રિચાર્જીંગ પર ધ્યાન આપવા પણ કહ્યુ હતુ.

તેમણે કહ્યુ કે નદીઓની પવિત્રતા જળવાઈ રહે તેમજ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ સહિતના કાયદાઓના અસરકારક મોનીટરીંગ માટે આગ્રહ કરતાં જણાવ્યુ હતુ કે દર મહિને કેટલો વેસ્ટ એકત્ર થાય છે અને કેટલાનો નિકાલ થયો તેની વાત એક્શન પ્લાન સાથે રજુ કરવામાં આવે. તેમણે એવી પણ ચીમકી આપી હતી કે સેગ્રીગેશનની કામગીરી પણ ચોકસાઈથી થવી જોઈએ અને નિકાલ થયા વગરના કચરાનુ એકત્રીકરણ એ પર્યાવરણ માટે નુકશાનકારક છે જે જિલ્લા તંત્ર સ્હેજે પણ સાંખી લેશે નહિ.

આ બેઠકમાં રિટ્રીટેડ વૉટરનો મહત્તમ ઉપયોગ ઉદ્યોગ, કૃષિ તેમજ બાગ-બગીચા માટે થાય તે પણ જરૂરી છે. તેમણે હાલ શહેરમાં રિટ્રીટેડ વૉટરનો ઉપયોગ કેટલો થાય છે અને નવા પ્લાન ક્યાં સુધીમાં કાર્યરત થશે તેની વિગતો રજુ કરવા માટે પણ સૂચના આપી હતી. આજની આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લાના અધિક નિવાસી કલેક્ટર ઉપરાંત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના અધિકારીઓ, આરોગ્યના અધિકારીઓ તેમજ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# એક ઝલક બાપૂ કી પાંચ એક ખુશ્બુ કી વિજેતાની જાહેરાત

અમદાવાદ, તા.૧૪

પર્યટન પર્વ ઉજવણી ૨૦૧૯નાં ભાગરૂપે અને મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિનાં આયોજન અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં અન્ય એન્ટ્રીઓ સાથે વિજેતાઓનાં ફોટોગ્રાફ પ્રદર્શિત અને રૂ. ૧૧,૦૦૦નું ઈનામ આપવામાં આવ્યું હતું તેમજ ૧૦ કલાકારોને રૂ.૩,૦૦૦-રૂ.૩,૦૦૦નાં આશ્વાસન ઈનામ



પ્રસંગે ગુજરાત ટૂરિઝમે ઈનોવેટિવ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન ટૂરિઝમ (આઈસીઆઈટી) સાથે જોડાણમાં એક ઝલક બાપૂ કી....એક ખુશ્બૂ ગુજરાતી કી ફોટો કન્ટેસ્ટનું આયોજન કર્યું હતું, જેનો ઉદ્દેશ ગુજરાત રાજ્યનાં જીવંત પ્રવાસન સ્થળો તરફ ફોટોગ્રાફર્સને આકર્ષવાનું અને તેમને પ્રોત્સાહન આપવાનું હતું, જેમાં ગાંધીજીએ પ્રવાસ કરેલા સ્થળો સામેલ છે. ફોટો કન્ટેસ્ટને સારો આવકાર મળ્યો હતો, જેમાં ગુજરાત રાજ્યનાં ૧૦૦થી વધારે ફોટોગ્રાફર્સ સહભાગી થયા હતાં. ઈનામ વિતરણ સમારંભ સાથે એક ઝલક બાપૂ કી....એક ખુશ્બૂ ગુજરાતી કી ફોટો એક્ઝિબિશનનું કરવામાં આવ્યાં છે. આ પ્રદર્શનની મુલાકાત મોટી સંખ્યામાં લોકોએ લીધી હતી, જેમાં સહભાગીઓ અને સાધારણ જનતા સામેલ હતી. ઈન્ડિયા આફ્રિકા ઈન્ટરનેશનલ ગાંધી આર્ટ કેમ્પ દ્વારા પ્રદર્શિત રસપ્રદ પેઈન્ટીંગ્સ પ્રદર્શનનું અન્ય એક આકર્ષણ હતું. આ ચિત્રો ૧૦ ભારતીય ચિત્રકારો અને ૧૦ આફ્રિકન ચિત્રકારોએ બનાવ્યાં હતાં, જેમાં મોહનથી મહાત્માની અભૂતપૂર્વ સફર દર્શાવી હતી. ઈનામ વિતરણ સમારંભ દરમિયાન રૂ. ૧ લાખથી વધારેનાં ઈનામોનું વિતરણ થયું હતું. પ્રથમ, બીજા અને ત્રીજા ઈનામનાં વિજેતાઓને અનુક્રમે રૂ. ૫૧,૦૦૦, રૂ. ૩૧,૦૦૦ આપવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે સહભાગીઓ અને આઈસીઆઈટીનાં નિર્ણાયકો ઉપસ્થિત હતાં. પર્યટન પર્વની ઉજવણીએ આ કાર્યયોજના માટે રાજ્યમાં બધા ફોટોગ્રાફરને રોકીને ગુજરાત પ્રવાસનને યોગ્ય મંચ પ્રદાન કરવાનો માર્ગ મોકળો કર્યો છે, જેનો વિસ્તૃત ઉદ્દેશ ગુજરાતને શ્રેષ્ઠ પ્રવાસન સ્થળ બનાવવાનો છે. એક ઝલક બાપૂ કી..એક ખુશ્બૂ ગુજરાતી કીમાં સમગ્ર ગુજરાતમાંથી ફોટોગ્રાફર્સની ભાગીદારી સાથે કાર્યક્રમ ગુજરાત રાજ્યને પ્રસિદ્ધ પ્રવાસન સ્થળ તરીકે પ્રોત્સાહન આપવા સંયુક્તપણે અસરકારક બન્યો હતો.

# પ્રાંતિજ સરકારી આઈટીઆઈના બે શિક્ષકોની અચાનક બદલીથી હોબાળો

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ સરકારી આઈટીઆઇના બે શિક્ષકોની અન્ય જગ્યાએ બદલી થતા વિદ્યાર્થીઓ દ્વારા વિરોધ કરવામાં ખાતે ફરજ બજાવતા રાઠોડ નિખિલભાઈ તથા કે.સી. સોલંકીની બદલી થતાં વિદ્યાર્થીઓએ વિરોધ કર્યો છે અને છેલ્લા પાંચ પાંચ દિવસથી અભ્યાસનો ત્યાગ કરી પણ આ બાબતે કાઈ પણ બોલવાની સ્પસ્ટ ના પાડી તો હાલ તો છેલ્લા પાંચ-પાંચ દિવસથી વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે. આઈટીઆઇના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓના ઘરે ફોન કરી ધમકી



આવ્યો છે. અભ્યાસને પડતો મુકીને આઈટીઆઇ ગેટ પાસે છેલ્લા પાંચ દિવસથી શિક્ષકોને પરત લેવા માંગ કરી રહ્યા છે.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ સરકારી આઈટીઆઇ આઈટીઆઇ ગેટ બહાર ધામા નાખી શિક્ષકોની બદલી રદ કરવા બેનરો સૂત્રોચ્ચાર કરી રહ્યાં છે, ત્યારે આ અગે આઈટીઆઇનો સંપર્ક કરતા હાજર કર્મચારીઓ દ્વારા આચાર્ય બહાર મિટીંગમાં ગયેલ છે ત્યારે હાજર શિક્ષિકોએ આપતા હોવાનું વિદ્યાર્થીઓ હાલ તો જણાવી રહ્યાં છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે ઉપલા અધિકારીઓ દ્વારા આ અંગે કોઈ કાર્યવાહી કે કાયમી કાર્યવાહી કરવામાં આવશે કે કેમ એ તો હવે જોવું રહ્યું.

# બુટલેગરોએ ટ્રકમાં ઈલાઈચીના ફોતરાંના કટ્ટા નીચે સંતાડેલ ૪.૩૨ લાખનો વિદેશી દારૂ પકડાયો

શામળાજી, તા. ૧૪

અરવલ્લી જીલ્લો રાજસ્થાન રાજ્યને અડીને આવેલો હોવાથી બુટલેગરો ઈલાઈચીના ફોતરાંના કટ્ટાની આડમાં સંતાડીને ઘુસાડાતો વિદેશી દારૂનો ૪.૩૨ લાખના વિદેશી દારૂ સાથે બે શખ્સોને ફફડાટ ફેલાયો છે. બુટલેગરો સતત નિતનવા નુસખા અપનાવી વિદેશી દારૂ ઘુસાડવા પ્રયત્નશીલ બન્યા છે. ટ્રકમાંથી ઈલાઈચીના ફોતરાંના કટ્ટા ભરેલા હતા કટ્ટા હટાવતાની સાથે વિદેશી દારૂની પેટી નંગ-૯૦ કુલ



જીલ્લાના વિવિધ માર્ગે નાના-મોટા વાહનો મારફતે વિદેશી દારૂ રાજ્યમાં ઠાલવી રહ્યા છે. પોલીસ પકડથી બચવા નિતનવા કીમિયા પણ અપનાવી રહ્યા છે. શામળાજી પોલીસે અણસોલ ગામ નજીક રાજસ્થાન તરફથી આવતી આઈશર ટ્રકમાં દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજી પીએસઆઈ સંજય શર્મા એને તેમની ટીમે રતનપુર ચેકપોસ્ટ અને શામળાજી પંથકમાં માર્ગનો ઉપયોગ કરી વિદેશી દારૂ ઘુસાડાતા બુટલેગરો પર તવાઈ બોલાવતા બુટલેગરોમાં

શામળાજી પોલીસે અણસોલ ગામની સીમમાં રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા શંકાસ્પદ ઝડપે પસાર થઈ રહેલી આઈશર ટ્રક (ગાડી.નં. એચઆર.૩૪ટી.૩૫૫૧)ને અટકાવી તલાસી લેતા બોટલ નંગ-૧૦૮૦ કીં. રૂ.૪૩૨૦૦૦ તથા ટ્રક સહીત કુલ મુદ્દામાલ રૂ. ૧૩૩૩૦૦૦નો જથ્થો જપ્ત કરી ટ્રક-ડ્રાઈવર અને કલીનરને દબોચી લઈ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.